
# ૐ એકદંતાય વિદ્મહે, વક્રતુંડાય ધીમહિ તન્નો દંતિઃ પ્રચોદયાત્॥

**અર્થ: અમે તે પરમ શક્તિનું ધ્યાન કરીએ છીએ અને એકદંત, વક્રતુંડ ભગવાન ગણેશનું સ્મરણ કરીએ છીએ. તેઓ અમને સદબુદ્ધિ અને યોગ્ય માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે.**


પારુલ સોસાયટી, વાઘોડિયા રોડ


શુભલક્ષ્મી સોસાયટી હરણી વારસીયા રીંગ રોડ


શ્રી ક્રિષ્ણા યુવા યુવક મંડળ, ફતેપુરા


રાજુભાઈ શિંદે વાડી

**ઊંચા વળતરની લાલચથી APK ફાઇલ સુધીની નવી મોડસ ઓપરેન્ડી**

## ઠગાઈના વધતા કેસો વચ્ચે સાયબર ક્રાઈમના ACP સીનસપાટામાંથી ઊંચા આવતા નથી

**મળવા** આવતાં અરજદારો સાથે એસીપી કામગીરી ન કરવી હોય તેમ વર્તે છે

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરમાં સાયબર ઠગાઈના કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. ઈન્વેસ્ટમેન્ટમાં ઊંચા વળતરની લાલચથી માંડીને ટાસ્ક પૂરા કરવાના બહાને APK ફાઈલ ડાઉનલોડ કરાવી બેંક ખાતામાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવવાની મોડસ ઓપરેન્ડી સાયબર ઠગો અપનાવી રહ્યા છે. શહેરના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ઉપરાંત વિવિધ સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં પણ આવા ગુનાઓ નોંધાઈ રહ્યા છે. જોકે પોલીસ સ્ટેશનમાં અરજદારો ફરિયાદ કરવા આવતા હોય છે ત્યારે ક્રાઈમના એસીપી આરોપીની જેમ વર્તન કરે છે અને સાયબરના અઢળક ગુના નોંધાયા હોવા છતાં એસીપીના સીનસપાટા કરવામાંથી ઊંચા આવતા નથી.

બીજી તરફ નોંધાયેલા અનેક કેસોના ભેદ ઉકેલવામાં સાયબર ક્રાઈમ પોલીસની નીરસતા જોવા મળી રહી છે લાખો કરોડનો ફળ થતો હોવા છતાં સાયબર એસીપી પીઆઈ સહિતના સ્ટાફનું પેટનું પાણી પણ હાલતું નથી. આરોપીઓ સુધી પહોંચવાની કાર્યવાહી તો દૂર લોકેશન માટે પણ પોલીસની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સાયબર ઠગાઈના બનાવોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ, ટાસ્ક પૂરા કરવાના બહાને નફાની લાલચ, વોટ્સએપ-ટેલિગ્રામ ગ્રુપમાં જોડાણ કરાવીને રોકાણ કરાવવું તેમજ APK ફાઈલ ડાઉનલોડ કરાવી મોબાઈલ અને બેંકિંગ વિગતોનો ગેરકાયદે ઉપયોગ કરી ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવાની ઘટનાઓ સામે આવી રહી છે.

કેટલાક કેસોમાં લાખો રૂપિયા ગુમાવનારા લોકો પોલીસ પાસે પહોંચ્યા છે. ફરિયાદ નોંધાયા બાદ સાયબર પોલીસ દ્વારા બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવવા, ટ્રાન્ઝેક્શન ટ્રેસ કરવા અને આરોપીઓ સુધી પહોંચવા માટે કાર્યવાહી કરવામાં આવતી હોવાનો પોલીસનો દાવો છે. જોકે, શહેરમાં નોંધાયેલા સાયબર ઠગાઈના અનેક કેસોમાં તપાસ ક્યાં સુધી પહોંચી અને કેટલા આરોપીઓ ઝડપાયા તે અંગે પીડિતો તથા નાગરિકોમાં ચર્ચા છે. ખાસ કરીને ફરિયાદ નોંધાયા બાદ લાંબો સમય પસાર થવા છતાં આરોપીઓ સુધી તપાસ ન પહોંચતી હોવાના કિસ્સાઓ સામે આવે તો સાયબર પોલીસની કામગીરી અંગે સવાલો ઊભા થાય છે. સાયબર ગુનાઓની તપાસ માટે અલગ પોલીસ સ્ટેશન અને નિષ્ણાત અધિકારીઓની ટીમ હોવા છતાં જો ફરિયાદોના ડિટેક્શનનો દર અપેક્ષા મુજબ ન હોય તો તેની સમીક્ષા કરવાની જરૂરિયાત ઊભી થાય છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા શહેરમાં નોંધાયેલા સાયબર ગુનાઓ, પેન્ડિંગ તપાસ, ફ્રીઝ કરાયેલી રકમ અને આરોપીઓની ધરપકડ સહિતના મુદ્દે કામગીરીની નોંધ લેવાશે કે કેમ તે હવે જોવાનું રહ્યું.

## ઉ. ઝોનમાં ૧૬.૨૯ કરોડના ખર્ચે બનશે અદ્યતન ફાયર સ્ટેશન

**સ્ટાફ** ક્વાર્ટર્સ સાથે આકાર પામનારા નવા ફાયર સ્ટેશનથી શહેરમાં ફાયર સ્ટેશનોની સંખ્યા વધીને ૯ થશે



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરમાં થઈ રહેલા સતત વિકાસ અને વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીને નાગરિકોની સુરક્ષા તથા સુવિધાઓમાં વધારો કરવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના ઉત્તર ઝોન વિસ્તારમાં રહેવાસીઓની સુરક્ષાને વધુ મજબૂત કરવા માટે એક નવું અને આધુનિક ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા ઉત્તર ઝોનમાં આકાર પામનારા આ નવા ફાયર સ્ટેશન માટે રૂ. 16.29 કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. આ અદ્યતન ફાયર સ્ટેશનની સાથે સાથે જ ઈમરજન્સી સમયે ત્વરિત સેવાઓ પૂરી પાડી શકાય તે માટે ફાયર બ્રિગેડના કર્મચારીઓ અને અધિકારીઓ માટે સ્ટાફ ક્વાર્ટર્સનું પણ નિર્માણ કરવામાં આવશે, જેથી કોઈપણ આકસ્મિક ઘટના સમયે ફાયર ફાઈટરો સ્થળ પર વહેલી તકે પહોંચી શકે.

ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેરનો સીમાડો સતત વિસ્તરી રહ્યો છે અને નવા વિસ્તારોનો સમાવેશ થતાં વસ્તીમાં પણ મોટો વધારો નોંધાયો છે. હાલના તબક્કે સમગ્ર શહેરમાં નાગરિકોની સુરક્ષા માટે કુલ 8 ફાયર સ્ટેશનો કાર્યરત છે. નવા ફાયર સ્ટેશનના નિર્માણ બાદ શહેરમાં ફાયર સ્ટેશનોની કુલ સંખ્યા વધીને 9 થઈ જશે, જેનાથી ઉત્તર ઝોન અને આસપાસના વિસ્તારોમાં આગ કે અન્ય હોનારત સમયે રાહત અને બચાવ કામગીરી વધુ ઝડપી અને બળવત્તર બનશે.

**નિવૃત્ત આર્મી મહિલા ડોક્ટરની મકરપુરા પોલીસમાં ફરિયાદ**

## કોર્ટના કેસો પાછા ખેંચવા ૬૪ વર્ષીય મહિલા ડોક્ટર પત્નીને એક્સ કર્નલ પતિની ઈ-મેઈલથી ધમકી

**ત્રણેય** કેસ પાછા ખેંચો નહીં તો મુશ્કેલીમાં મૂકી દઇશ, ઉપરાંત પરિવારને હેરાન કરવાની ચીમકી,

(પ્રતિનિધિ) વડોદરા તા.23

મકરપુરા વિસ્તારમાં રહેતા પતિ-પત્ની વચ્ચેનો લાંબા સમયથી ચાલતો કોર્ટ વિવાદ હવે પોલીસ ફરિયાદ સુધી પહોંચ્યો છે. નિવૃત્ત આર્મી મહિલા ડોક્ટરે આક્ષેપ કર્યો છે કે, પતિએ તેમની સામે ચાલી રહેલા કેસો પાછા ખેંચવા માટે ઈ-મેઈલ મારફતે વારંવાર દબાણ કર્યું હતું. એટલું જ નહીં, કેસો પરત નહીં ખેંચે તો પોતાને અને પરિવારજનોને મુશ્કેલીમાં મૂકવાની તેમજ બદનામ કરવાની ચીમકી આપવામાં આવી છે. જેથી મહિલા ડોક્ટરે એક્સ કર્નલ પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના મકરપુરા વિસ્તારમાં રહેતા નિવૃત્ત આર્મી ડોક્ટર મહિલાએ તેમના પતિ વિરુદ્ધ નોધાવેલી ફરિયાદ મુજબ, લગ્ન બાદ પતિએ તેમની આશરે 30 વર્ષની કમાણીમાંથી તેમની જાણ બહાર પોતાના નામે મિલકતમાં રોકાણ કર્યું હતું અને જીવન નિર્વાહ માટે પૂરતા નાણાં આપતા ન હોવાના કારણે બંને વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. આ મામલે અગાઉ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી પત્નીએ પતિ વિરુદ્ધ ડોમેસ્ટિક વાયોલન્સ તથા મેન્ટેનન્સ સહિતની કોર્ટ કાર્યવાહી કરી છે. આ કેસોને લઈને પતિએ કથિત રીતે ઈ-મેઈલ મારફતે કેસો પાછા ખેંચવા માટે દબાણ કરવા લાગ્યા હતા. એક ઈ-મેઈલમાં ત્રણેય કેસ પાછા ખેંચવા નહીં તો મુશ્કેલીમા મુકી દઈશ તેવી ધમકી આપવામા આવી હતી. આ ઉપરાંત, પતિએ તેમની બહેન-ભાઈ ક્યાં નોકરી કરે છે અને માતા-પિતા ક્યાં રહે છે તેની જાણ હોવાનો ઉલ્લેખ કરી, તેમને તથા પરિવારને હેરાન-પરેશાન કરવાની ચીમકી આપી હતી. તાજેતરના ઈ-મેઈલમાં પણ ચોક્કસ સમયમર્યાદામાં કેસો પાછા ખેંચવા નહીં તો અન્ય કાયદેસરની કાર્યવાહી કરવાની વાત કરી છે.

મહિલાના પતિએ તેમની અને પુત્રીની ECHS તથા CSD કાર્ડ સહિતના કેટલાક દસ્તાવેજો પોતાની પાસે રાખ્યા છે. પુત્રીના વિદેશમાં અભ્યાસના ખર્ચ અંગે પણ બંને વચ્ચે વિવાદ ચાલે છે.

કોર્ટમાં ચાલી રહેલા કેસો પાછા ખેંચાવવા માટે ઈ-મેઈલ મારફતે દબાણ અને પરિવારને ધમકાવવાના આક્ષેપો અંગે મહિલા ડોક્ટરે પોલીસ સમક્ષ રજૂ કરેલા પુરાવાના આધારે તપાસની માંગ કરી છે.

## ફોરેક્સ ટ્રેડિંગમાં મોટો નફો મેળવવાની લાલચ આપી યુવકને રૂ.૩.૯૫ લાખનો ચૂનો ચોપડ્યો

પદમલા ગામની સંગમપાર્ક સોસાયટીમાં રહેતા અને મંજુસર GIDCમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતા કમલેશભાઈ પરમાર ઓનલાઈન ફોરેક્સ ટ્રેડિંગની છેતરપિંડીનો ભોગ બન્યા હતા. ફરિયાદ મુજબ, નવેમ્બર 2025માં વોટ્સએપ પર અજાણ્યા નંબર પરથી Capital FX Stock નામની કંપનીની જાહેરાત અને નફાના સ્ક્રીનશોટ મોકલાયા હતા. બાદમાં અદીતીએ નામની યુવતીએ સંપર્ક કરી ટૂંકા સમયમાં મોટો નફો કમાવવાની લાલચ આપી હતી.

યુવક પાસે લિંક મારફતે KYC કરાવી Real Desks એપ ડાઉનલોડ કરાવવામાં આવી હતી. શરૂઆતમાં રૂ.30 હજારનું રોકાણ કરાવ્યા બાદ એપમાં નફો દર્શાવી રૂ.900 પરત કરવામાં આવ્યા હતા. આથી વિશ્વાસ કેળવાયા બાદ અલગ-અલગ પ્લાનના નામે 21 જાન્યુઆરી 2026 સુધીમાં કમલેશભાઈ, પત્ની અને મિત્રો સહિતના ખાતામાંથી UPI મારફતે કુલ રૂ.3.95 લાખ ટ્રાન્સફર કરાવાયા હતા. બાદમાં વધુ રિટર્નની વાત કરી રકમ ઉપાડવા દેવામાં આવી નહોતી. અદીતીએ ફોન ઉપાડવાનું બંધ કરી દેતાં એપમાં એકાઉન્ટ પણ બ્લોક થઈ ગયું હતું. છેતરપિંડીની જાણ થતાં યુવકે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## વેડિંગ APK ફાઈલ ખોલતા કારેલીબાગના નાસ્તાના વેપારીના ખાતામાંથી રૂ.૧.૮૯ લાખ ઉપડ્યા

કારેલીબાગના 58 વર્ષીય નાસ્તાના વેપારીને મિત્રના હેક થયેલા વોટ્સએપ નંબર પરથી આવેલી Wedding Invitation Cardની APK ફાઈલ ખોલવી ભારે પડી હતી. ફાઈલ ખોલ્યા બાદ તેમના મોબાઈલ પર વારંવાર OTP આવતા તેમણે સાવચેતીના ભાગરૂપે બેંક ખાતું ટેમ્પરરી બ્લોક કરાવ્યું હતું.

જોકે, બાદમાં ખાતું ફરી ચાલુ કરાવ્યા બાદ તા.18 સપ્ટેમ્બરે વેપારીના ખાતામાંથી બે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ.1.89 લાખ ઉપડી ગયા હતા. જેમાં પ્રથમ ટ્રાન્ઝેક્શનમાં રૂ.89 હજાર અને બીજા ટ્રાન્ઝેક્શનમાં રૂ.1 લાખની રકમ ઉપાડવામાં આવી હતી. ખાતામાંથી મોટી રકમ ઉપડી ગયાની જાણ થતાં વેપારીએ સમગ્ર મામલે હરણી પોલીસનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે વેપારીના મોબાઈલમાં મોકલાયેલી APK ફાઈલ, ટ્રાન્ઝેક્શનની વિગતો તથા રકમ જે બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ તેના આધારે તપાસ શરૂ કરી છે. APK ફાઈલ મોકલનાર અને રકમ મેળવનાર ખાતાધારકની ભૂમિકા અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

**પાલિકાની ઉદાસીનતા સામે સ્થાનિકોમાં ઉગ્ર વિરોધ**

## અટલાદ્રા-વસારમાં ગટરના ગંદા પાણી વચ્ચેથી શાળાએ જવા મજબૂર બનતા માસુમ ભૂલકાં

**વહેલી** તકે કાયમી નિરાકરણ લાવવા ચોતરફથી ઉઠતી માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે કરવામાં આવતા મોટા મોટા દાવાઓ અને અભિયાનો માત્ર કાગળ પર જ સીમિત રહી ગયા હોવાનો ઘાટ સર્જાયો છે. શહેરના અટલાદરા-વસારની જ્ઞાન યજ્ઞ સ્કૂલ નજીક ઉભરાતી ગટરના દૂષિત અને દુર્ગંધયુક્ત પાણીના કારણે સ્થાનિક રહીશો અને શાળાએ જતા નાના બાળકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.



મળતી માહિતી મુજબ, વિસ્તારના ઉબડખાબડ રસ્તાઓ પર ગટરના દૂષિત પાણી ભરાયેલા રહે છે, જેમાં વરસાદી પાણીનો ઉમેરો થતાં પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે. શાળાના નાના બાળકો અને સ્થાનિક રહીશો ગટરના દુર્ગંધયુક્ત પાણીમાંથી પસાર થવા માટે મજબૂર બન્યા છે, જેના કારણે માસુમ બાળકોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે.

સ્થાનિક રહીશો તથા શાળા તંત્ર દ્વારા આ સમસ્યા અંગે મહાનગરપાલિકાના અધિકારીઓ અને સ્થાનિક કાઉન્સિલરોને વારંવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા આ બાબતે કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. પાલિકાની આ ઘોર બેદરકારી અને ઉદાclassifier નીતિના કારણે સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર અને સ્થાનિક પ્રતિનિધિઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોની માગણી છે કે વહેલી તકે આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવામાં આવે જેથી રહીશો અને શાળાના બાળકોને રોગચાળા અને અસુવિધામાંથી મુક્તિ મળે.

## NCERT દ્વારા ધો.૯ના વિદ્યાર્થીઓ માટે નવું પુસ્તક 'ગણિત મંજરી' રજૂ

**રટણને** બદલે સમજણ પર ભાર : પુસ્તક બજારમાં, સામાજિક વિજ્ઞાનનું પુસ્તક 30મી સપ્ટેમ્બરથી મળશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.23

રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ એટલે કે એનસીઈઆરટી દ્વારા દેશના શિક્ષણ માળખામાં મોટો બદલાવ કરવામાં આવી રહ્યો છે. નવા શૈક્ષણિક સત્ર 2026-27 માટે ધોરણ-9 ના અભ્યાસક્રમમાં ધરમૂળથી ફેરફાર કરી નવા પાઠ્યપુસ્તકો બહાર પાડવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે.

આ શ્રેણીમાં સૌથી પહેલું પુસ્તક ગણિતનું લોન્ચ કરવામાં આવ્યું છે. નવા પુસ્તકનું નામ ગણિત મંજરી - ભાગ-1 રાખવામાં આવ્યું છે. આ પુસ્તકનું છપકામ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગયું છે અને તે દેશભરના બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યું છે. એનસીઈઆરટીના અધિકારીઓના જણાવ્યા અનુસાર આ પુસ્તકો સંપૂર્ણપણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક ફોર સ્કૂલ એજ્યુકેશન 2023ની માર્ગદર્શિકા મુજબ તૈયાર કરાયા છે.

હેતુ એક જ છે, વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી બહાર કાઢીને વિચારસરણી અને વ્યવહારુ જ્ઞાન તરફ લઈ જવા. નવા પુસ્તકમાં ગણિતના અઘરા કોન્સેપ્ટને ખૂબ જ સરળ, રસપ્રદ અને દૈનિક જીવનના ઉદાહરણો સાથે સમજાવવાનો પ્રયાસ કરાયો છે. જેથી વિદ્યાર્થીઓ કોઈપણ તણાવ વગર વિષયને સમજી શકે. તબક્કાવાર રીતે આ નવો અભ્યાસક્રમ સમગ્ર દેશમાં લાગુ કરાશે, જેથી બાળકો પર એકસાથે ભારણ ન વધે. ગણિત બાદ હવે સામાજિક વિજ્ઞાનનું નવું પુસ્તક પણ તૈયાર છે. આ પુસ્તક તા.30 સપ્ટેમ્બરથી વિદ્યાર્થીઓના હાથમાં આવશે.

## ક્યુપિડ લિમિટેડની FY૨૬માં આવક ૯૩% વધીને ૩૯૧ કરોડ થઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

ક્યુપિડ લિમિટેડની 33મી વાર્ષિક સામાન્ય સભામાં નાણાકીય વર્ષ 2026ની મજબૂત કામગીરી અને આગામી વર્ષોના વિકાસ માટેની વ્યૂહાત્મક યોજનાઓ રજૂ કરવામાં આવી હતી. કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આદિત્ય કુમાર હલવાસિયાએ જણાવ્યું કે નાણાકીય વર્ષ 2027માં કંપનીનું ધ્યાન ગ્રાહક-આધારિત વૃદ્ધિ, ઉત્પાદન ક્ષમતા વિસ્તરણ અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ઉપસ્થિતિ વધારવા પર રહેશે.

કંપનીએ FY26 દરમિયાન કુલ આવકમાં 93% વૃદ્ધિ સાથે 203 કરોડથી 391 કરોડનો વધારો નોંધાવ્યો હતો. કર બાદનો નફો 165% વધીને 41 કરોડથી 108 કરોડ થયો હતો, જ્યારે EBITDAમાં 180%નો વધારો નોંધાયો હતો. ચોખ્ખો નફો માર્જિન 30%ને પાર ગયો હતો અને નેટવર્થ 342 કરોડથી વધીને 451 કરોડ થઈ હતી.

**બે દિવસ પહેલાં દબાણ શાખાએ લારી-ગલ્લાં હટાવ્યા હતા**

## પાલિકાની કાર્યવાહી બાદ ૪૮ કલાકમાં ખંડેરાવ માર્કેટ પાછળ ફરી દબાણોનો ખડકલો

**ફરી** ફૂટપાથ પર કબજો થતાં રાહદારીઓ રસ્તા પર ચાલવા મજબૂર

**પાલિકાની** મુખ્ય કચેરીની બાજુમાં જ સ્થિતિ 'જૈસે થે'; કાયમી દબાણમુક્તિની કાર્યવાહી કરવા સ્થાનિકોની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની નજીક આવેલા ખંડેરાવ માર્કેટ પાછળના વિસ્તારમાં દબાણની સમસ્યા ફરી વકરી છે. બે દિવસ પહેલાં જ પાલિકાની દબાણ શાખાએ આ વિસ્તારમાં કાર્યવાહી કરી લારી-ગલ્લાં સહિતના દબાણો દૂર કર્યા હતા. જોકે, માત્ર 48 કલાકમાં ફરી ફૂટપાથ અને રસ્તાની આસપાસ દબાણો થઈ જતાં પાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

ખંડેરાવ માર્કેટ પાછળના રોડ પર રાહદારીઓ માટે બનાવવામાં આવેલા ફૂટપાથ પર ફરી લારી-ગલ્લાં અને વેપારીઓનો માલસામાન ગોઠવાઈ ગયો છે. પરિણામે ફૂટપાથ પરથી પસાર થવાની જગ્યા નહીં રહેતાં રાહદારીઓને ટ્રાફિકથી ધમધમતા મુખ્ય રસ્તા પર ચાલવાની ફરજ પડી રહી છે. જેના કારણે અકસ્માતનો ભય પણ સર્જાયો છે.



સ્થાનિકોના જણાવ્યા પ્રમાણે દબાણોના કારણે વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. ઉપરાંત કેટલાક વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે બોલાચાલી થતી હોવાની ફરિયાદો પણ ઉઠી રહી છે. પાલિકાની મુખ્ય કચેરી નજીક જ ફરી દબાણો થઈ જતાં દબાણ શાખાની કામગીરી કેટલી અસરકારક છે તે અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

સ્થાનિકોએ માત્ર કામચલાઉ કાર્યવાહી કરવાને બદલે આ વિસ્તારમાં નિયમિત દેખરેખ રાખી ફૂટપાથ અને રસ્તાને કાયમી ધોરણે દબાણમુક્ત રાખવા નક્કર કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## પગારની માગણી કરી ટ્રાન્સપોર્ટ મેનેજર અને પરિવારને ધમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

રણોલી ચોકડી નજીકના ખેરા ટ્રાન્સપોર્ટમાં અગાઉ ડ્રાઈવર તરીકે નોકરી કરી ચૂકેલા ઈકબાલ નાહર ખાને બાકી પગારની માગણી કરી મેનેજરને ફોન અને વોટ્સએપ મેસેજથી ગાળો આપી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

ઈકબાલને તા.1 જૂને ટેન્કર ડ્રાઈવર તરીકે નોકરીએ રાખવામાં આવ્યો હતો. આશરે 39 દિવસની નોકરી દરમિયાન ટેન્કરમાં 114 લીટર ડીઝલની ઘટ મળી હતી. ત્યારબાદ તે 31 જુલાઈએ ફરી નોકરીએ આવ્યો હતો. 14 દિવસમાં 51 ટ્રિપ બદલ રૂ.10,200 પગાર થયો હતો, જેમાંથી રૂ.7,100 ચૂકવાયા હતા. આ દરમિયાન 83 લીટર ડીઝલની ઘટ મળી હતી. મેનેજરના જણાવ્યા મુજબ પગાર અને ડીઝલની ગણતરી બાદ ઈકબાલ પાસેથી રૂ.5,500 લેવાના નીકળતા હતા. જોકે, ઈકબાલે રૂ.2,500 બાકી પગારમાંથી આપવાની માગણી કરી ફોન તથા વોટ્સએપથી ગાળો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે.

**એકતાનગરથી વડોદરા સુધી ખાસ ટ્રેનની વ્યવસ્થા કરવામાં આવી**

## નેશનલ ફિલ્મ એવોર્ડના મહેમાનો માટે હેરિટેજ સ્પેશ્યલ ટ્રેન દોડાવાઈ

**સિનેમા** અને રેલવેના વારસાનો સંગમ, ભારતીય રેલની ગૌરવશાળી વિરાસતથી મહેમાનોને કરાવ્યા પરિચિત

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

કેવડિયામાં યોજાયેલા 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહમાં દેશભરમાંથી આવેલા એવોર્ડ વિજેતાઓ તથા ફિલ્મ જગતના મહેમાનોની સુવિધા માટે પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. મહેમાનો માટે એકતાનગરથી વડોદરા સુધી હેરિટેજ સ્પેશ્યલ ટ્રેનનું વિશેષ સંચાલન કરાયું હતું. ટ્રેન રાત્રે 9 વાગ્યે એકતાનગરથી વડોદરા માટે રવાના થઈ હતી.



હેરિટેજ સ્પેશ્યલ ટ્રેન ભારતીય રેલવેના વારસા, આધુનિક ટેકનોલોજી અને પ્રવાસનનો અનોખો સમન્વય રજૂ કરે છે. ટ્રેન આધુનિક ઈલેક્ટ્રિક સિસ્ટમથી દોડે છે, પરંતુ તેમાં વરાળ એન્જિન જેવી ધુમાડા અને વરાળની ઈફેક્ટ તેમજ જૂના જમાનાના હોર્નની વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રેનમાં 6 કોચ ઉપરાંત પેન્ટ્રી અને આકર્ષક સેલ્ફી પોઈન્ટની સુવિધા ઉપલબ્ધ છે.

નિયમિત રીતે અમદાવાદ-એકતાનગર સ્ટીમ હેરિટેજ સ્પેશ્યલ ટ્રેન નંબર 09409 દર શનિવાર-રવિવારે સવારે 6.10 વાગ્યે અમદાવાદથી ઉપડી 9.50 વાગ્યે એકતાનગર પહોંચે છે. પરત ટ્રેન નંબર 09410 રાત્રે 8.35 વાગ્યે એકતાનગરથી ઉપડી 12.05 વાગ્યે અમદાવાદ પહોંચે છે. બંને ટ્રેનો વડોદરા સ્ટેશને પણ ઉભી રહે છે.

આ ટ્રેનમાં 4 એસી વિસ્ટાડોમ કોચ છે, જેમાં 3 એક્ઝિક્યુટિવ ચેર કાર અને 1 રેસ્ટોરન્ટ ડાઈનિંગ કારનો સમાવેશ થાય છે. વર્ષ 2023માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ સ્ટીમ હેરિટેજ સ્પેશ્યલ ટ્રેનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ફિલ્મ પુરસ્કાર સમારોહ પ્રસંગે તેનું વિશેષ સંચાલન ભારતીય સિનેમા અને રેલવે વારસાના સંગમરૂપ બન્યું હતું.